'સબલા-કિશોરી શક્તિ યોજના' હેઠળની
ICDS સોસાયટીમાં પાર્ક કરેલ ગ્રાન્ટની
મુદત વધારવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઈસીડી-૧૧૨૦૧૭- ૨૧૭ –બ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯-૦૬-૨૦૨૧

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૬નો ઠરાવ ક: આઇસીડી/૧૦૨૦૧૬/ ૨૧૦૩૭૯/બ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૬-૩-૨૦૨૧નો ઠરાવ ક: આઇસીડી/૧૦૨૦૧૭/ ૨૧૭/બ

(૩) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગરનો તા.૧૯-૫-૨૦૨૧નો પત્ર.

આમુખ:

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની વર્ષ ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં સામાવિષ્ટ રૂ.૧૦૦ કરોડ થી ઓછી રકમની ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી વર્ષ ૨૦૧૬-૧૭નાં સબલા-કિશોરી શક્તિ યોજના હેઠળની રૂ.૫૩૧.૫૦ લાખની ગ્રાન્ટ તા.૩૦-૬-૨૦૨૧ સુધી આઈસીડીએસ સોસાયટીમાં જમા રાખી ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૩) પરના પત્રથી વર્ષ ૨૦૧૬-૧૭ની સબલા-કિશોરી શક્તિ યોજના હેઠળની રૂ.૫૩૧.૫૦ લાખની ગ્રાન્ટ તા.૩૧-૮-૨૦૨૧ સુધી આઈસીડીએસ સોસાયટીમાં જમા રાખી ખર્ચ કરવાની મંજૂરી માટે દરખાસ્ત કરેલ છે. ઉક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

//ઠરાવ//

વર્ષ ૨૦૧૬-૧૭ની કિશોરી શક્તિ યોજના હેઠળની ગ્રાન્ટ રૂ.૩૦૮.૦૬ લાખ (સ્ટેટ) અને સબલા યોજના હેઠળની ગ્રાન્ટ રૂ.૨૨૩.૪૪ લાખ (સી.એસ.એસ.અને સ્ટેટ) મળીને કુલ રૂ.૫૩૧.૫૦ લાખની ગ્રાન્ટ તા.૩૧-૦૮-૨૦૨૧ સુધી આઈ.સી.ડી.એસ. સોસાયટીમાં જમા રાખી ખર્ચ કરવાની નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

(૧) આઈ.સી.ડી.એસ. સોસાયટીના હવાલે મુકેલ રકમ ડીપોઝીટ તરીકે GSFS ખાતે મુકવાની રહેશે.

(૨) GSFS માં ડીપોઝીટ કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજ્ય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચૂકપણે જમા કરાવવાની રહેશે.

(૩) સોસાયટી માં જમા કરાવેલ રકમ જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.

(૪) ખર્ચ/ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

(૫) તા.૩૧-૦૮-૨૦૨૧ બાદ મળનાર વ્યાજ તથા વણવપારાયેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૦૮/૦૬/૨૦૨૧ ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૪) નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૫) વહીવટી સંચાલકશ્રી, ગુજરાત સ્ટેટ ફાઈનાન્સીયલ સર્વિસીસ લી., વીંગ-બી-૩, ત્રીજો માળ, ખનીજ ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.

૬) સભ્ય સચિવશ્રી, ગુજરાત આઇ.સી.ડી.એસ. સોસાયટી, ગાંધીનગર

૭) બજેટ શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૮) શાખા સિલેકટ ફાઈલ / ના.સે.અ. સિલેકટ ફાઈલ.